ધ્રુવ આખ્યાનનાં નાટકમાં ગવાયલાં

તથા

બગાલા હુન્નરે ગાયલાં ગાયનોની ચોપડી.

કેટલાએક વધાવા તથા સોહાગ સાથે.

છપાવી પ્રસિદ્ધ કરનાર
મેહતા જમનાદાસ ભગવાનદાસની કંપની.

દોહરો.

ઉતાનપાદનો સુત ધ્રુવ, ભગતોનો સરતાજ;
નારદની મત લેની, પામ્યો અવીચળ રાજ.

મુંબઈ

ઇંપીરીઅલ છાપખાનામાં છાપ્યું.

ઈ. સ. ૧૮૮૨. સંવત ૧૯૩૮.

કીમત ત્રણ આના.

ધુરૂવ આખીયાંનનાં ખેલમાં ગવાયલાં ગાયણો.

—o—

ઈશ્વર પ્રારથના.

(કર કર કર કર કરમ.) એ રાહ.

પ્રભુ મેહેર કર હમ ઉપર,
રાખીએ હમે તો, તું પર સબર. પ્રભુ.
ચાતુરી તારીમાં ચુક નહિ જરા,
ખરા કાર્યો કીધાં, રાખીને નજર. પ્રભુ.
ચંદ્ર સુર્ય તારા, પ્રકાશે ભરપુર,
દુરથી પ્રકાશે, ન્યાળીએ હજુર. પ્રભુ.
છોજી વીશ્વાધાર, ખુબી છે અપાર,
નમન કરીયે છે મંડળી આ વાર. પ્રભુ.
છૈયે હમે બાળક, તમો પ્રતીપાળ,
આપો હમને હીમત તું દીન દયાળ. પ્રભુ.
હીમત હમને આપો, વિઘ્ન નીવારો,
સારા આપો બોધ હમે તાબેદારે. પ્રભુ.

—o:o:o—

રાજાની દરબારમાં ગુણકા રાજાની કીરતી ગાયછે.

(છોડી બામનકી.) એ રાહ.

વારી વારી જાઊં વારી વારી જાઊં.
સભા મંડપ જોઈ હું તો ખુશી થાઊં—ટેક.
રઈઅતના રખેવાળછો શીરઢાંકણ રાજન,
ગુણ તમારા ગાયછે પુરીના માજન—ટેક.
અદલ રાજછે આપણું, નાહી તસ્કરની બીક,
બાળ ગોપાળની મેહેરછે, રંગે તગ નજીક—ટેક.
આયુષ્ય વધજો હુકંમનું, જાચુછું હું એમ,
નીભાવી રાખીને ઈશ્વર કરજો તેમ—ટેક.

——0:0——

ધ્રુવે પોતાનાં પીતાની દરબારમાં અપમાંન મળવાથી કીધેલો વીલાપ.

(મુકાવે દુષ્ટ અન્યાયથી, અબળા.) એ રાહ.

કેર વરતાવ્યો કારમો મુજપર આ શી આફત,
જગતે ઈશ્વર છો જાણીતા, રંકના આ શું રે હાલ.
કેર વરતાવ્યો.
પીતા પીડ જાણે નહીં, મને કરેછે ધીક્કાર.
કેર વરતાવ્યો.
માતા વેંણ સાંભળ્યું નહી, ત્યારે મુક્યુંછે માન.
કેર વરતાવ્યો.

અપમાન થયું ગાહેરં, ધરૂ કેમ હું ધીર.

કેર વરતાવ્યો.

પ્રભુ હીમત આપો મેહરથી, દીન હું તારો દાસ.

કેર વરતાવ્યો.

—o:o—

ધ્રુવની શાવકી માતાએ ધ્રુવને આપેલો ઠપકો.

(વીનતી ધરજો ધ્યાન સજન સૌ વીનતી ધરજો ધ્યાન.) એ રાહ.

અભાગણીના સુત આવ—અલ્યા ધ્રુવ અભાગણીના સુત આવ.—ટેક.

હીણુ માતા કુખે જન્મ તેં લીધો, કીધો નહીરે વીચાર.—અલ્યા.
ઉત્તમ સાથે બેશાડયો નહી, ગયું સભામાં માન.—અલ્યા.
ગઈ આબરૂ પાછી લેવી હોયતો, કહું તે માફક ચાલ.—અલ્યા.
અઘોર વનમાં કષ્ટ કરો જઈ, ગલશે શ્રી ભગવાન.—અલ્યા.
માગજે તે પાસે મુજ જેવી માતા, ચુકતો નહી ધરી ધ્યાન.—અલ્યા.

—:o:—

લશકરની કુચ.

(ગ્લોરી ગ્લોરી એબીસીનીઆ.) એ રાહ.

એકુત મેહેશુલ આપતા નથી, (૩)
ચાલોની જઈએ ત્યાંહાં—ટેક.
સીપાઈઓના લીધા પ્રાણ, (૩)

લઈએ તેઓનાં જાન—એકુત.
મુદ્દાને કરીયે પાંસરા, (૩)
સાંસરા કરીશું પલવાર—એકુત.
રાજાજીની થાય જય જય, (૩)
ભય આપણનો સઉ જાય—એકુત.

ધ્રુવ વનમાં જવા માટે રજા માગેછે તીઆરે તેની માતા જવાને ના પાડેછે.

(કંગનવા મારા કરસે સરક ગયોરે.) એ રાહ.

માતાજી મને મેહર કરી રજા આપોરે,
હું તપ કરવાને જાંઉ કૃતાર્થમારે થાવું.—ટેક.
નેત્રવંતી—આ તે શું લવેછે રે, ગજા ઉપરાંત કરેછે રે;
શી પીડા થઇછે તને, દરશાવ તે તું મને;
બોધ્ધ આપ્યો કયા જને તને એમ કરવાને રે—માતાજી.
ધ્રુવ—ગયો પીતા પાસે રે, થયો ત્યાં ઉદાસ રે,
ઉત્તમને ખોળે લીધા, આદકાર મને નહી દીધા.
શાવકીએ આપ દીધા ક્રીધા બોધ મને રે—માતાજી.
નેત્રવંતી—દુશમનછે એ મારી રે, બુરૂં ચાહેછે ભારી રે,
અદેખી રંડા બહુ, કારસતાન કરે કહું,
ઇશ્વર તું જોને સઉ બઉ સાહે થાવોરે—માતાજી.
ધ્રુવ—માજી એમના બોલોરે, સાવકીપર સું કામ ડોળોરે,
જગતેશ્વર પુજવા મન, ભાગ્ય હોય જેનું ધન,
લીધુંછે મેં તો પણ, તન હું કશાવું રે—માતાજી.

ધ્રુવ ઊજત કરી વનમાં જવા માંગેછે તેથી તેની માતા શમજાવેછે.

(વનચર વીરા વંચામણી.) એ રાહ.

નેત્રવંતી—લાડકવાયા બાળ તું, શું કરેછે વીચાર;
બોધ આપ્યો તને વેરીએ, જાય વન મોઝાર—ટેક.
કહો તો રાજ અપાવું હું, કહો તેમ કરૂં આજ,
તાજ મુકાવું તુંજ શીશપર, બોલો પેહરાવું સાજ—ટેક.
વાઘ વરૂ રીંછ શીંહની જાળી મરશે તું બાળ,
ભુખ તરશ કેમ વેહશો કોણુ કરસે સંભાળ—ટેક.
પોઢવાં શેજ મલે નહી, કાંકરા કાંટા અપાર,
કેમ વાહાલા તું પોઢસે, ગરમી થંડી વીચાર—ટેક.
માટે મુજ વેણુ પાળીને-જવા વન હઠ છોડ,
એકનો એક તું મુજને-નથી બીજી રે જોડ—ટેક.

ધ્રુવ વનમાં જવા માટે માને સમજાવેછે.

ઉપલી રાહે.

માતાજી મારા સાંભલો-વેણુ ચઢાવું શીશ;
કોઇ દીન મેં દુભાવ્યા નથી, આ વેલાએ જઈશ—ટેક.
રાજપાટ નથી જોઇતું-પોશાક દીસે અંગાર;
જગતેશ્વર ભજી મેળવું-નક્કી કીધો વીચાર—માતાજી.
જંગલી પશુથી બીતો નથી-કેમકે તમોછો માત;
પાન કીધું તમ સ્તનથી-તેથી તે નહી ઉચાટ-માતાજી.

કુદરતી જમીન સોહામણી—ઊગે આભ વીખ્યાત;
રક્ષણ કરશે તે માહેરૂં, તેપર રાખુંછું હું આશ—માતાજી.
ઈશ્વરને ભજું હું હેતેથી—કરી એકાંતવાસ;
શીખ આપો જત મુજને—નહી તો દેહનોછે નાશ—
માતાજી.

ધ્રુવ પોતાની માતાને દીલાસો આપેછે.

(બાલાજી મેં તો ગઈથી ગબરૂના સાથ.) એ રાહ.

ઉઠો ઉઠો વાહાલી મારી માત,
હું વનમાં નહી જાઉં પરભાત—ટેક.
આમ દુભાવું નહી કોઈએ તમને,
શા માટે કરોછો કલપાંત—હું વનમાં.

—0:0—

ધ્રુવ વનમાં જવાથી તેની માતા સંભાલને માટે ઈશવરને અરજ કરેછે.

(ઓધવજી સંદેશો કેહેજો શામને.) એ રાહ.

હઠીલા થઈ ગયો રે—હવે હું શું કરૂં,
પ્રભુજી તમે લેજો એની બરદાશ જો.
માન્યું નહી કહ્યું રે—મારાં બાલકે,
મારે તો છે તમારો આધારજો—હઠીલા.
કોઈ દીવસ મેં તો કાઢયો નથી બારણે,
સુખમાં ઉછર્યો સ્વપને નહી દીઠું દુઃખજો.

ભુખ તરશ એ કેવી રીતે વેઠશે,
પણ મનેછે તમારો વીશવાસજો—હરીરો.
દીન દયાળુ છો—દુનીઆના તમો દીન બંધું,
મારા સારૂં પાંચા તમે વીબજો.
તે માફક મુજ બાળકને સંભાળજો,
ઈશ્વર મારી સુણજો અરજ આજજો—હરીરો.

ધ્રુવ વનમાં વીચાર કરેછે.

(પીતા પ્રિયરે નાટય કળા મારે શીખવી.) એ રાહ.

કાયા જાુઠીરે મારે ભજવા ભગવાન—ટેક.
મેં તો વિચાર નકી કીધો,
સાવકીનો બોધ મેં લીધો;
તપ કરવું એ મારગ સીધો—કાયા જાુઠીરે.
આતો અજાએબ દેખાવો,
ન્યાહાળીને થાય મુઝાવો;
પ્રભુજી તમે સાહે થાવો—કાયા જાુઠીરે.

લશકર જીત મેલવી આવેછે.

(સોદાગર હમે કીસરકા કર કોફ ખુદાકે ઘરકા.) એ રાહ.

થયો જય જય જય જય આજે (બાહાદુરો.)
દુશમનોના કાળજાં દાઝેરે-થયો,
ગળચી જાલી બાલે—લટકાવ્યા, (બાહાદુરો.)
વેરી થર થર થર થર ધ્રાજેરે—થયો.
જખમી થએલા ચીચીઆરી પાડે, (બાહાદુરો.)

ખુશાલીનું વાજું ધમ ધમ વાજે રે—થયો.
આપણી ફતેહનું ઈનામ મળસે, (બાહાદુરો.)
રાજા હેરી આપણે નવાજે રે—થયો.

—:0:—

નારદ મુની ધ્રુવને વનમા આવવાનું કારણ પુછેછે.

(આલની આલની આલનીરે.) એ રાહ.

બાળક છેરે તું કોનોરે—મને કેહેની બાળક છે તું કોનો—ટેક.
આવું તારૂં તપ જોયું નથી જાતું,
બાળ દેખી નહી બગાતું રે—ટેક.
આ વનમાં કોઈ આવી ન શકે,
ડુંગર બાળી ને ભડકે રે—મને.
બાળક તુને કોણે દુભાવ્યો,
ક્યા ઠેકાણેથી આવ્યો રે—મને.
માત પીતાએ કેમ મુકયો સુનો,
આતે ઉપદેશ છે કોનોરે—મને.
રાત અંધારી ને અઘોર વનછે,
જપતો એકે મનનોરે—મને.

—0:0—

ધ્રુવ નારદમુનીને પુછેછે કે તમે કોણછો ?

ઇંદર સભાની રાહે.

અરે કોણ દેવતા તમારૂં શું નામ,
કોણ તાત ને કયો વીશ્રામ ?—અરે.

નારદમુની પોતાનું નામ પ્રગટ કરેછે.

ચોપાઇ (જોગીઓ.)

અરે બાળક સાંભળ તું રે,
બ્રહ્મ સુત ને નારદજી હું રે—અરે.
જે વાત સાચી હોએ તે કહે,
કપટ રાખીશ નહી તારે રૂદય—અરે.

ધ્રુરૂવ પોતાનો હેવાલ જાહેર કરેછે.

(દર ચાલે હાલે દીલમાં નાંખીલો.) એ રાહ.

ભલા નારદજી તમો સુણો,
મહીમા ગાઉંછે તમ તણો;
ઉત્તાનપાદ સુત ધ્રુરૂવ મુજ નામ,
બીસગાવંતી નગ્રી સ્વસ્થાન;
નેત્રવંતી મારી માતા સતી,
અપરમ માતા તે પ્રભાવંતી—ભલા નારદજી.
તે પ્રભાવંતીનો તન ઉત્તમ,
તે ઉપર ઘણું રાયનું મન;
હમો બને મલ્યાં એક વાર,
ચાલી ગયાં સભા મોઝાર;
ઉત્તમ રાય ઉછંગે ગયો,
મુજ સાથે આંતર રે કર્યો.—ભલા નારદજી.
તે કારણ દુઃખ મનમાં થયો,
ધરી વૈરાગ મનમાં આવ્યો;

હવે તપ કરી ઇંદ્રી વશ કરૂં,
ભવસાગર હું સેહજે તરૂં,
હેવો મનશું કીધો નેહ;
અને બ્રહ્મા યા પાડું મારી દેહ.—ભલા નારદજી.

——0:0——

શ્રી ગી રૂષી ધ્રુરૂવને પુછેછે.

ચોપાઈ (જોગીઓ.)

અરે બાલક કેમ અહીં આવ્યો,
કીયા વેરીએ-તને અપડાવ્યો.—ટેક
મુખપરથી ઉડ્યું નથી દુધ;
તારી કોણે ભમાવી શુધ—અરે.
કોણ માત ને કોણ છે તાત;
સાચે સાચી વદી દે તું વાત—અરે.

——0——

શ્રી ગીરૂષી આગલ ધ્રુરૂવ પોતાનો હેવાલ કેહેછે

(એતો મજનુઈ હોએગા દીવાના.) એ રાહ.

સમજો જોગેશ્વર સાધુભાઈ,
ધ્રુરૂવ નામ મારૂં સતસાઈ-ટેક.
છેતરી લાવ્યું મને નથી કોઈ,
શું વિચાર કરો મુખ જોઈ—સમજો.
ઉત્તાન પાદ પીતાનું છે નામ,
ભરમાપુરીમાં છે રે રેહઠાણુ—સમજો.

નેત્રવંતી મારી માતા સતી,
તેના પુત્રની આવી છે ગતી—સમજો.
ઇશ્વર ભજવાનું થયું-છે મન;
વાહલું કીધું નથી તન ધન—સમજો.

——0:0——

શ્રીંગી રૂષી ધ્રુરૂવને મંત્ર આપેછે

(કામણ દીસેછે અલબેલા તારી આંખમાંરે.) એ રાહ.

શાબાશ શાબાશ ધ્રુરૂવજી છે તારી જાતને રે;
ધનછે માતને રે—શાબાશ.
હીમત રાખજો ઉરમાં ભારી,
જશો નહી કોઇથી હારી;
આદેખા ભમાવશે-કરી-વાતને રે-શાબાશ.
ઇંદ્ર અપછરાઓ મોકલે,
ભુત ભૈરવ બીવાડે ટોળે,
બીતા નહી ન્યાળી તેના ગડગડાટને રે—શાબાશ.
શ્રીંગી રૂષી નામ છે મારૂં.
ઇશ્વર કરશે તારૂં ધાર્યું;
આપું મંત્ર લે તારી ઉચાતને રે—શાબાશ.

——0:0:0——

અપછરા ધ્રુવની માતાને દીલાશો આપેછે.

કારવો.

દીલ દુખી શીખ કરોછો માહા રાણીરે—બેવાર.
માહા રાણીરે માહા રાણીરે—દીલ.
તપ કરવાને-ગયાછે ધ્રુવ,
હવે આવશે ઘરે ધીર માહા રાણીરે—દીલ.
કોમળ કાયા-શું કામ જળાવો,
બળાપો શીદ કરો છો માહા રાણીરે—દીલ.
ધીરજ ના ફળ-મીઠાં ઘણાછે,
ઈશ્વર કરસે સારૂં માહા રાણીરે—દીલ.

———0:0———

વિદુષક ધ્રુવની જન્મ પત્રીકા જુવેછે.

બેત.

ધન મકરને કુંભ, આ રાણી પાડની આવી બુમ;
ધન મકરને દખો, બાજરીનો જુની પણ વાવટોતો નવો.
કન્યા, તોળાને મકર રાશી, રાણીજીને થંડા પાડવાની તાલ
થઈછે ખાશી;
ચંદ્ર મંગળને મળ્યા બુધ, હવે રાજાને કાંઈ આવશે સુધ.
પેહેલા ઉઠયા સની રાય, રાણીજી કરે હાય હાય હાય.

——:0:——

ખરી જન્મ પત્રીકા.

બેત.

રાજા ચીંતા પર હરો, કરો કૃષ્ણની સેવ;
પુત્ર તમારો ભગતછે, મનુષ્ય દેહ પણ દેવ.
સુખનો સ્વામી ઉચનો, ઈંદ્રિ બલીઓ જો હોય;
અખંડીત સુખ તે ભોગવે, રોકી શકે નહી કોય.
તોળા લગનમાં બ્રહસપતી, સની સુક્ર જો હોય;
ભાગ્યસ્વામી દ્રષ્ટી વડે, કૃપા કૃષ્ણની હોય.
કૃપા કૃષ્ણની હોય, અવીચલ પદવી પામે;
રથીર રહેનીજ નામ, સંકટ પરના કાપે.
સુગન્ધિપની કન્યા, પવનકુમારી જે,
તેની સાથે એનું લગ્ન થશે, નકી માનજો તે.

——o:o——

રાજા પોતાના દરબારીઓને ધ્રુરૂવની શોધ કરવા જવાને ફરમાવેછે.

રાગ ઈંદર સભાનો.

શુરા દરબારીઓ મારા નેકનામ;
હવેછે તમોને બાહાદુરીના કામ.
લાએક નહી કે લેવો, તમે અન પાણીનું નામ;
જયાં સુધી નહી બજાવો, માહરૂં એક કામ;
મતલબછે માહરી, માતરજ એક;
રંજછે તમો સર્વેને રે સેહેજ.

જંગલ અને પાહાડો ઉપર ફરી કોઈ રખડ;
લાવી આપો મને મારા, ધુતની ખબર.
ફરી રાખીશ તમોને હું, સદા સીરતાજ;
એવો એટલી રંજ, તમારા સાજનને કાજ.

——o——

ઈંદર રાજા ઈંદ્રાશન માટે વીલાપ કરેછે.

(બદલ ગયો નેણારે.) એ રાહ.

કોણ તપ કરવાને આવ્યું રે, મારૂં ઇંદ્રાસન ડોલાવ્યું—ટેક.
હેવો શુરવીર પેદા થયો શું, લેવાને મારૂ ઇંદ્રાસન;
અપછરાવો તમે કેમ સુરત થઇ છો, મુકાવોની એનું પણ—કોણ.
દેવો તમે જઈ ડરાવો તેને, ઝબકીને છળી જાય;
જેમ તેમ કરી તપથી ચુકાવો, ઝટપટ કરો મને સાહાય—કોણ.
કંઠાલો આપો તમે અતાશે, વીપત પડજો બહું;
બાહાદુર થઇને ટેકજ રાખો, જીત મેળવો સૌ—કોણ.

——o——

અપછરાવો ઈંદરને ધીરજ આપેછે.

(કર તનપર શીનગાર હાથમે શોનેકી ઝારી.) એ રાહ.

ઇંદ્ર રાજા એમ શું બોલો, તપસ્વીમાં શુ દમ,
હજારો એવા તપધારીના, મુકાવીશું અમે પણ.

——:o:——

ઈંદર પોતાના દૈતીયોને જવાને રજા આપેછે.

ઉપલી રાહે.

દૈત્યો તમે ઝટપટ જાઓ, કરી આવો શુભ કામ,
દીલ મારૂં આતીશે, હાલે કાર્ય કરો સુદામ.

——0.0:0——

અપછરાવો ધુરૂવને છલ કરેછે.

(મુકાવે દુષ્ટ અન્યાયથી.) એ રાહ.

અહીયાં અત્યા કેમ આવ્યો તારૂં ભાગ્ય હીણુ,
વીર પુરૂપ વરી ગયા, મગર મછમાં મીન.—ટેક.
ડોંગે પ્રભુ મલે, તો જોની વડમાં વન મોઝાર—ટેક.
કર્મ રેખા હોય તાહેરી, નસીબે નથી હાર—ટેક.
ભમાવ્યો કોને આવવા, દુસ્મન હશે કોઈ ટેક.
માનવું હોય તો માનજે, જા વિચારી જોઇ—ટેક.

અપછરાઓ ધુરૂવની માતાનું રૂપ લઇને છલવા આવેછે.

લલીત છંદ.

અરે રે મારા સુત, આ શું તારા હાલ,
ભયંકર દીશેછે આ વન વિકરાળ;
તુજ દુઃખે મેં તો નગ્ર પરહર્યું,
વન વિશે તેં તો તપ શું આદર્યું—ટેક.
તુજ પિતા એતો મુને પરહરી,

તુજ વૈરાગથી હું વન સંચરી;
મુજ સામું જુઓ માહેરા રે તન,
કેમ કઠણ કરેછ તાહેરૂં રે મન—અરે.
કેમ તેં તજી છેક હાજરે,
ભાર સમુદ્રમાં ડુબ્યું ઝાંઝ રે;
ખરર આસું તે આંખથી ખરે,
મરર ચીતમાં શી ચિંતા બળે—અરે.
થરર થાયછે કંપે કાયછે,
સરર સુસરાં બાણ વાયે છે;
મુજ સામુ જોઈ બોલરે, તું બાળ,
નહી તો હું તજીશ માહેરા રે પ્રાણ—અરે.

—0:0—

અપછરાઓ ધ્રુવ નહી છલવાથી બીજું ગાયન ગાયછે.

સીતાજીના મહીનાની રાહ.

આશું થયાં તારા હાલ, વ્હાલી દીલ દુખાયેછે,
પુત્ર તન છોડીને ઘરબાર, જંગલ કેમ થાયછે;
મુજ સામું જુવોની બાળ, પીતા પ્રાંછે પ્રેમથી,
હવે છોડી દે સંતાપ, ચાલો ઘેર હોંશથી;
તુંજ બધુ ઉત્તમ ટવલેછે, ધ્રુવજી મારો કયાં ગયો,
હુંડો વલ્યો આપણું ભોજન, હવેરો તે બહુ થયો;
અરે અજાણુ માહેરૂ બાળ, ઝવાળ સમતી નથી,
નાની વયમાં તારે વનવાસ, નીરાશ થઇ સર્વથી;
મોટ સગપ લાડકા બાળ, રીસ આવડી નહી રાખીએ,
પીતા ઉપર આશું રોષ, પીતા વેણ પાળીએ.

અપછરાઓ તથા દઈતીઓ નહી આવ-વાથી ઈંદર રાજા ઘભરાયછે.

(આલેકસે તું યાદ કર.) એ રાહ.

જીવ મારો ગભરાયછે, કરવું મારે કેમ,
દેત્યો હજુ આવ્યા નહી, થઈ ગયું સું એમ—ટેક.
અપછરાઓ આવી નહીં, લાગી કેમ વાર.
ઈંદ્રાશન ડોલેછે, બહુ થયો હાહાકાર—જીવ.
નીયમ ચુકયો છણી નહી, કરસ્યું નીત્ય કામ,
જગરાય કોપ્યા કે, જાયછે મારૂ નામ—જીવ.

બરહમાનાં મંદીરમાં ભગતો ગાયછે.

હોરી.

તું છોરે જગતનું નુરે-પ્રભુ એક તું છે જગતનું નુરે—ટેક.
એક અનેક બની બહુ રૂપે-જગતમાં હીરે જરૂરે;
સ્થાવર જંગમ ચૈતન રૂપે, સચરા ચર ભરપુરે—પ્રભુ.
જપ તપ ધ્યાન રૂદયમાં ધરતાં-પાપ થાયે સહુ દુરે;
વિવીધ પ્રકારની રચના તેં કીધી, બ્રહ્માંડમાં ભરપુરે—પ્રભુ.
ઈંદ્રાદીક બ્રહ્માદીક સુરપતિ, ધ્યાન ધરે નિત્ય ઉરે;
અધમ ઓધારણ પતીત પાવન, ટાળો કરમ કરૂરે—પ્રભુ.

ઈંદર રાજા બરહમાની સ્તુતી કરેછે.

(ખલકનારે ખોદા ખાવંદ.) એ રાહ.

વિશ્વ કરતા, જગત દાતા—અખીલ બ્રહ્માંડમાં વિખ્યાતા-ટેક.

બ્રહ્માજી હું લાગુંછું પાય, તમારી છે મુજ ઉપર શાહ-વિશ્વ.
દરશણ કરવા, આવ્યોછું આજ, કરતા આવ્યા છો ગરીબના
કાજ—વિશ્વ.

—0:0—

શ્રી ભગવત ધ્રુરૂવને માટે વીચાર કરેછે.

(પીતા પ્રિયરે નાટય કળા મારે શીખવી.) એ રાહ.

દુખ હરવુંરે, ભગતછે એ ગુણવાન—ટેક.
બાળ ભગતની દ્રડતા જોઈ;
મારૂ મન રહ્યુંછે મોહી,
એની તોલે ન આવે કોઈ—દુઃખ.
હું તો પ્રસન્ન થયોછુ આજે,
માહારે કરવું ભગતનું કાજે;
એને આપું અવીચલ રાજે—દુઃખ.
ઝટપટ માહારે જાવું,
કોઈ ઠેકાણે નહી રોકાવું;
ભગતનું કારજ કરી આવું—દુઃખ.

—0:0:0—

બરહમા તથા ઈંદર રાજા શ્રી ભગવતની સ્તુતી કરેછે.

નારાચ છંદ.

કૃપા શીંધુ વંદુ તમને-જોડીએ બન્ને હાથથી;
દુઃખો હરો સુખી કરો-આબાદ તમ પ્રતાપથી;

ત્રીભોવનનાં છો ઈષ્ટ તમે, વંદેછે રૂષી દેવતા.
દેવ મુની ધ્યાન ધરે, ભગ્તિથી બહુ સેવતા.
છો અવિનાશી બહુ વીલાશી-કાર્ય કરો કરો કારગાં;
નીરઉપયોગી ગણે નહી-છે સજનનાં સારમાં;
અમ પર હમેશ રેહેમ કરજો, ઓ દીનદયાળુ નાગરા,
ભગ્ત વછલ મુદરા-છો રત્નાગર સાગરા.

શ્રી ભગવત ધુરૂવના તપ માટે વખાણ કરેછે.

(અલેફ્સે તું યાદ કર.) એ રાહ.

ભગ્તે રાખ્યો નેમ હવે-કરવું મારે કેમ,
પ્રસન્ન થઈ જાવું હું તો-રાખુ એને ક્ષેમ—ભગ્તે.
ભગ્ત મારૂં ધન જાણું-જાણુ મારૂં તન,
ભગ્તનું મુખ જોવું ત્યારે-થાવું હું પ્રસન્ન—ભગ્તે.
શ્રમ કરીને ઈંદ્ર થાકયો ચુકયો નહી નેમ,
ભગ્તે દ્રડતા રાખી ઘણી ઉપજે મને પ્રેમ—ભગ્તે.
અપછરાઓએ છલ કર્યાં, પણ છલાયો નહી બાળ,
રાક્ષસોનો ભય નહી ગણ્યો, કરૂં એને હું ન્યાલ-ભગ્તે.

ઈંદર રાજા સરવે દેવતાઓને કંકોત્તરી લખેછે.

(પ્રીતમ પ્રિયરે નાટય કળા મારે શીખવી.) એ રાહ.

કૃપા કરજોરે દેવમુની મહારાજે—ટેક.
મુજ પુત્રીના લગ્નછે આજે,
વનમાં કરવુંછે કાજે;
મારા શીરનાછો તમે તાજે—કૃપા.

ગણપતીને કરૂં પ્રણામ,
તેથી સીદ્ધ થાએ સઉ કાંમ;
આવી પુરજો મનની હામ—કૃપા.
અગ્ની વરૂણ ને વાયુ કુબેર,
શીવજી તમે કરજો મેહર;
તમો આવ્યાથી થશે લીલા લેહર—કૃપા.
સુર્ય ચંદ્ર ને યમરાજ,
બ્રહ્મ દેવ વિના જાય લાજ;
નારદ વિના ન શોભે કાજ—કૃપા.
બ્રહસ્પતી તમે વેલા આવો,
સાથે શ્રીંગી રૂખીને તેડી લાવો;
સદા મુજ મનમાં તમો ભાવો—કૃપા.
વાંચી કંકોતરી વેહલા પધારો,
આવી વિઘ્ન સર્વે નીવારો;
દયા લાવીને સાહે થાવો—કૃપા.

—o—

સરવે દેવતાઓ ભગવતની પ્રારથના કરેછે.

આરતી.

જય દેવ જય દેવ, જય વીશ્વા ધારા,
પ્રભુ જય વીશ્વા ધારા;
તુજને વંદન કરીયે, તુજને વંદન કરીયે,
દુઃખ માત્ર હરીયે—જય દેવ જય દેવ.
અનેક દૈત્યો માર્યા, સુભ કારજ સાર્યાં,

પ્રભુ શુભ કારજ સાર્યાં;
અકલીત માયા તમારી—અકલીત માયા તમારી.
કોઈ જાણ બલીહારી—જય દેવ જય દેવ.
ભગત વછલછો પ્રભુ તમે આનંદ ઘન મુરતી,
પ્રભુ આનંદ ઘન મુરતી,
ત્રીગુણી માયા રચતા, ત્રીગુણી માયા રચતા.
હરતાં ને ફરતાં—જય દેવ જય દેવ.
અનાથ નાથ પ્રભુ તમે કરૂણા વીસ્તારી,
પ્રભુ કરૂણા વીસ્તારી.
પાંચે પાંડવ ઉગાર્યાં પાંચે પાંડવ ઉગાર્યા,
બાપા ગ્રહ બાલી—જય દેવ જય દેવ.

ધ્રુરૂવની કીરતી.

(દર ચાલ હાલે દીલમાં નોંધીલા.) એ રાહ.

સત્યની થઈછે સરસાઇ, (એ.)
નક્કી માનજો સઉ;
ધ્રુરૂવજીએ હીંમત રાખી,
ધીર ધરી પીડા સાંખી;
તપમાં રાખ્યું નહી બાકી,
સત્યનો બેલી રામજી—ટેક.
સાવકીનું વચન પાલીને, (એ.)
વનમાં ગયો એ બાહાદુર;
પાંચ વરસ પોતાની વય,
રાખી નથી કોઇની ભય. (એ.)

સત્યનો બેલી રામજી—ટેક.

કૃષ્ણે દરશણ દીધાંછે,

ઈંદ્રની કન્યા પામાયો, (બે.)

કીરતી થઈ જગની માંહી,

અમર નામ થયું હાંઈ, (બે.)

સત્યનો બેલી રામજી—ટેક.

આ જુગતે જોડું સોભે છે,

આશીરવાદ હમો દઈએ, (બે.)

અવચીલ રહેજો તારૂં નાંમ,

કરશે જે કોઈ હેવાં કામ, (બે.)

સત્યનો બેલી રામજી—ટેક.

—0:0:0—

ભગલા હજામના ગાયનો.

—:o:—

ભગલા હજામે પોતાની કીધેલી તારીફ.

ચીદી હમ કાલા કાલા એ—(રાહ.)

મારૂં નામ ભગલો હજામ,

હજામ છું રે હું એમદાબાદનો,

લાલ માહારાજનો ભગલો હજામ—ટેક.

ભગલા ભાઈતો એમદાબાદથી, નીશરીયા ભપકા ભેર,

માહરીરે શી કંમબખતી લાગી, આવેઓ હું આએ શેહેર—મારૂં.

કાળમે તોબરી માંડસે પોગરી, અંગરખો તતર બંધ,

રેશમી કોરનું ધોતીયું, ને વળી નોમસે ભગલા સંદ—મારૂં

આંગલે અંગુથી હીરાની સે, જુવાની કીંતા લાગેસે રેપ,
રેજાએ ફાંશીનો હુકમ કાધો, તે મેશું કાચા સે પોપ—મારૂં.
માહારી આલા સે સરોજતી, ઓને પુનમનો સોદ,
રેજાંએ ફાંસાનો હુકમ કાધો, તે તો થશે હવે રાંડ—મારૂં.
રોજા ચઢાવે આફીન, ને વઝીર ચડાવે ભાંગ,
ઇનશાફની ગાદીપર બેશતો, આને વાંદરાના શીંગ—મારૂં.

——0:0——

ભગલા હજામની ચતુરાઈ.

કનકવા મારા કરસે સરક ગયોરે એ—(રાહ.)

ઇશ્વરે આલ્યું સે માથાં મુંઢવાનું કામરે,
સંધો સેરે મઝાનો, તમે શત કરીને આનો—ઇશ્વરે.
હઝામનો સે માલો રે, જો મરજી હોએ તો સાલોરે,
શીખાદીશ મારે હાથે,
સઉથી ઉત્તમ ધંધોછે;
વળી તે સાથે ધોછે.
તોલ આવેતો માથાપર ટપલા મારૂં ઓમરે—ઇશ્વરે.
એક હજોમતનાં ડોકીઆં સે ચાર,
માનશ જોઇને કરૂં રે વીચાર;
તોલ પરેતો વેતરૂં બેઓનાં,
જો શપેડો પડી ગયો;
એતો ફોરો ફુટી ગયો,
એવી એવી તોલ કરી હું ગાડી ખાઉંરે ઇશ્વરે.

——0:0——

ભગલાએ કીધેલો વીલાપ.

દેખો દેખો ઓગગળા એ—(રાહ.)

હાએ હાએ રામ રામ આ સું થયુંરે,
જુવો જુવો નશીબ ઉંધું વળી ગયુંરે—ટેક.

મુવો નાડીને ભુત થાગ્યો હતો તેનું તેજ,
એ થાશે શજા ભારી, રાએ રે અલી મારી,
હાએ હાએ રોગ રોગ આ શું થીયું રે—જુવો.
પ્રીત બહુ રાખેછેરે મારા ઉપર અલી,
તે મરશે જુરી જુરી, પેટમાં થઇ કુર કુરી;
હાએ હાએ એતો જયાંનું ત્યાં રહયું રે—જુવો.

—:0:—

ભગલાની સ્ત્રીએ પોતાના ધણીની કીધેલી તારીફ.

સ્વામી ગાગડો શેઆમણા,
શમજો શમજોની હાં-શમજો શમજોનીહાં—સ્વામી.
હજામત કરવાને આવ્યાછે રે નાગરશેઠને ઘેર,
નાગરશેઠને ઘેર તેના તે પઇસા મળશે,
તેની ખીચડી લેશું શેર—તેની ખીચડી લેશું શેર—સ્વામી.
આંગલે અંગુઠી ડીગનીછે રે અંગરખું તતડબંધ,
અંગરખું તતડબંધ-રેશમી કોરનું ધોતીઉં,
જાણે શેઠ માહાજન—જાણે શેઠ માહાજન—સ્વામી.

—0:0—

ભગલાએ પોતાની સ્ત્રીની કીધેલી તારીફ.

મદમ સાબ નાચતે અલા એ—(રાહ.)

ઓ મારી વાહરે અલી—જમના કેરૂં ઘનસે તારૂં નામ,
ગીત ગાશું સે મઝાંનું—દીલમા હરખ થાએ,
પોંચ શેર દુધગાં જોને-ભોંડ ખાધી કેહેવાએ-ઓ મારી.
ઘનાશા ખાતર આવવું પડસે—દીલ ન જુદાં થાએ,
ચાંદ જેવો મુખડો જોઇ-વ્યાકુલ વ્યાકુલ થાએ-ઓ મારી.
પોંસ પટાનો ગાગરો—ને ફરતી મુકાશે કોર,
નાગરશેઠના ઘરમાં, આપને હેંડાએ જોડા જોડ-ઓ મારી.

જાહેર ખબર.

આ ચોપડી નીચે લખેલ ઠેકાણેથી વેચાતી મળશે.

મુંબઈ—ચાંદનવાડી આગળ રતનજી રૂગનાથજી મહીઆલી ની દુકાનેથી, તથા ઠાકરબારૈદીના રસ્તા ઉપર મ ગાહર રતનજીની દુકાનેથી તથા ગાયવાડીના નાકા ઉપર બુકસેલર મોરારજી હેમચંદ મારતની દુકાનેથી, તથા મામાદેવી આગળ પ. દીન મહાગામ મુકુંદજીની દુકાનેથી તથા ગિરગામવાડી આગળ બુકસેલર બાળકૃષ્ણ બલુભાઉ પાસેથી વેચાતી મળશે.

સુરત—ગોપીપુરામાં બુકસેલર કરસનદાસ નારણદાસની દુકાનેથી તથા નિકોરીઆ દેશમાં દેશી નીકના આ ચિખલી મહાગામ પેલાવાડે પાસેથી મળશે.

દેશાવરથી મંગાવા માટે મંગાવનારને નીચલે ઠેકાણેથી મંગાવી લેવી અને કમીશન વિશે પત્રવહેવાર કરવાને માલિકને પત્ર લખી જણાવવો નાદાર કાગળ લેવામાં આવશે નહીં. ચૂકતે નકલ મંગાવનારે પોતાની ઠેકાણે આપવો આનો વધારે ગાકળવો.

શા૦ મેહેતા જમનાદાસ ભગવાનદાસની

કંપની.

ઠેકાણું ભુલેશ્વર આગળ ફોફળવાડીના નાકા ઉપર દુરગાદાસની દુકાને.